# સંતબાલ પરિચય પુસ્તિકા



૧૬

## ચમત્કાર શું છે?

સંતબાલ

સંતબાલ પરિચય પુસ્તિકા-૧૬
વર્ષ બીજું : ૧૯૮૮

# ચમત્કાર શું છે !

સંતબાલ

સંપાદક
મનુ પંડિત

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ — ૩૮૦૦૦૪

: પ્રકાશક :
મનુભાઈ જ. પંડિત
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, અમદાવાદ—૩૮૦ ૦૦૪

આ પુસ્તિકાના પ્રકાશનમાં
શ્રી ચીનુભાઈ કેશવલાલ ચોકસીની સ્મૃતિમાં
[હા. ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી
જોલી મેકર એપાર્ટમેન્ટ નં. ૩
કફપરેડ રોડ, મુંબઈ—૫ તરફથી ]
આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે
તે બદલ સંસ્થા તેમની આભારી છે.

પ્રથમ આવૃત્તિ : જૂન ૧૯૮૮
કિંમત : બે રૂપિયા

મુદ્રક : રાજકલા પ્રિન્ટર્સ, સરકીવાડના નાકે, લાલસ્કુલ સામે,
રંગીલા ચોકી પાસે, શાહપુર, અમદાવાદ-૧.

# ચમત્કાર શું છે?

## ચમત્કારી સાધુ સંતબાલ

વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગના સભ્ય અદેસિંગભાઈની જુવાલ ચર્ચાથી મને વધુ વિચારવાની તક મળી. અલબત્ત, આ પ્રકરણથી મને એક મોટો લાભ એ થયો કે જે બહુ જ મહત્ત્વનો હતો. તે એ કે જુવાલના પ્રસંગ વખતે ગોળી ન છૂટવાથી લોકોએ મને ચમત્કારી સાધુ માની લીધો હતો, તે તેમની ભ્રમણા ભાંગી ગઈ, જુવાલમાં ધાર્યા કરતાં વધુ મોટી જનસંખ્યા ભેગી થવામાં કેટલોક વર્ગ મારા પ્રત્યેની લાગણીથી કુતૂહલતાથી અને મોટો વર્ગ ચમત્કાર જોવા માટે જ આવેલો, એમ લાગ્યું, જુવાલ શિકાર વિરોધ અંગે 'પ્રજાબંધુ', જૈન જ્યોતિ' 'અને 'પ્રભાત' વગેરેએ પોતાના પત્રોમાં મહત્ત્વનું સ્થાન આપી સાથ આપેલો.

[નળકાંઠામાં જુવાલ ગામની પાસે બે એક કિલો મીટર લાંબી ખાઈ છે, તેમાં વ સાદનું પાણી ભરપૂર ભરાઈ રહે છે. લોકો આને જુવાલની પાટ તરીકે ઓળખે છે. ત્યાં નળસરોવરની જેમ વિવિધ પક્ષીઓ આવે છે, આવા એક શિકાર પ્રસંગે શિકારીઓએ ગોળીઓ છોડી છતાં એક પણ પક્ષી મર્યું નહીં તેથી નળકાંઠાના લોકો સંતબાલજીને ચમત્કારી સાધુ ગણતા હતા. સંપાદક]

('ધર્મદૃષ્ટિએ સમાજરચના', પા. ૭૨)

## ભૂત પિશાચ શું છે ?

પ્રશ્ન : તમો ભૂત પિશાચમાં માનો છો કે કેમ ? અને જો ન માનતા હો તો ઘણી માતાઓને ભૂત અને વળગાડ વળગે છે તેનું કારણ શું ?

ઉત્તર : ભૂત, પિશાચ એ પ્રમાણે દેવની હલકી જાતોમાં આવતો ઉલ્લેખ જૈન સૂત્રોમાં છે ખરો, પણ આજે જે ભૂત અને પિશાચનું સમાજમાં નાટક ચાલે છે, અને તર્કટી લોકો વહેમને લીધે તર્કટમાં ફાવી જે પાખંડ ચલાવે છે તે એક સત્યાર્થીથી સહ્યું જાય તેવું નથી,

નબળા મનની વ્યક્તિઓ પોતાના મનના નબળા પણને લીધે કલ્પિત પૂતળાંઓ, ઊભાં કરીને બીએ છે અને ભ્રમિત થઇ ગાંડપણને આવકાર આપે છે અથવા કોઈ અર્ધ ભ્રમિતને એનાં બાજુવાળાંઓ પૂર્ણ ભ્રમિત કે ગાંડાં બનાવે છે એવાં ઉદાહરણો સોમાં લગભગ ૯૯ ટકા મળી આવે છે. ભૂત અને વળગાડોને કાઢવાનો દાવો કરનારી સંસ્થાઓ આધ્યાત્મિક ઉન્નતિની પરીક્ષામાં નિષ્ફળ સિદ્ધ થઈ ચૂકી છે, એટલે એમાંનો એક ટકો જે સત્ય છે તેને જે રીતથી ટેકો આપવા જતાં બીજા નવ્વાણુ ટકા અસત્યને ટેકો મળવાનો જ સંભવ છે, તે રીત હું સ્વીકારવા ઈચ્છતો નથી. તેમ બીજાને પણ એ રીત ત્યાગવાની ભલામણ કરું છું, એટલે 'શંકા ભૂત અને મંછા ડાકણ' એ વિદ્વાનના મંતવ્યની હું કદર કરું છું. સૂક્ષ્મ વાસના જ આવા વળગાડની દશાનું મૂળ કારણ હોય

છે, છતાં મેં જે એક ટકો સત્યની વાત કરી તેનો ખુલાસો કરું; 'નબળાં મનવાળાં મનુષ્યોને જે હલકી કોટીની અસર થાય છે, તે અસર નાબૂદ કરાવવા માટે શ્રદ્ધાની જરૂર છે; આવી શ્રદ્ધા જેઓ આધ્યાત્મિક આસ્થા દ્વારા મેળવે છે તે પોતાની માનસિક નબળાઈ રૂપ વળગાડની બલાથી છૂટે છે, એ દૃષ્ટિએ જ મેં એક ટકો સત્યનું કહ્યું છે. એમ કહી હું વહેમી સંસ્થાઓને લેશમાત્ર ટેકો આપતો નથી. પણ જે આધ્યાત્મિક વ્યક્તિઓ તેવી સંસ્થાઓની હસ્તી જગતને ઉપયોગી ન માનતા હોય, તેવાઓને પોતાનું આધ્યાત્મિક બળ વધારી સમાજની આવી, આવા પ્રકારની નિર્બળતાને દૂર કરવામાં પોતે નિમિત્તરૂપ બને એવું મીઠું સૂચન કરું છું. સ્ત્રી સમાજમાં આવું નિર્બળ માનસ વધુ છે, તેનું કારણ અણસમજ અને વિલાસથી ઘેરાયેલી હૃદય લાગણી છે, તેમાં પુરુષ સમાજ પણ જવાબદાર તો છે જ, હવે એ પોતાની જવાબદારી સમજે, અને સ્ત્રી સમાજને ઊંચો લાવવા મથતી વીર માતાઓ એ જવાબદારીને વેગ આપે!

('પ્રાસંગિક અને પ્રશ્નોત્તરી', પા. ૧૩૯–૪૦)

## ચમત્કારો અને શ્રીજી મહારાજ

બુદ્ધિ કસવાની ઊણપ, વ્યક્તિ પ્રત્યેનો આંધળો રાગ, વારસા પર ચરી ખાવાની વૃત્તિ અથવા મલિન હેતુ. આટલાં કારણે ચમત્કારનું વિષચક્ર ફેલાય છે.

અહીં થોડાં ઉદાહરણો લઈએ.

૧. ચુંવાળમાં ચાવડા અટક ધરાવતા એક પટેલ ભાઈનો ચમત્કાર સાંભળ્યો. આ ભાઈએ પોતાની ડેલીના અંદરના વિશાળ ચોગાનમાં જુદે જુદે ઠેકાણે રૂપિયા દાટી રાખવાનો કીમિયો કરેલો. ઘરેણાં ઉપર આ ભાઈ પૈસા ધીરતા અને નાણાં લેવા આવનારને કહેતા : 'જા પેલા ખૂણામાં નીચે ખોદ અને રૂપિયા લઈ આવ' થોડીક કોશો નાખ્યા બાદ રૂપિયા મળી આવે અને લઈ જાય, વળી બીજી વખત તે લેવા આવે ત્યારે બીજું ઠેકાણું બતાવે, પેલો માણસ તો અજાયબી જ પામી જાય ! પછી તો વાતો ચાલી, "......ભાઈની વાચામાં જ નિધાન છે, જયાં ખોદાવે છે, ત્યાં ધન નીકળ્યે જ જાય છે." ઊંડી તપાસ તો કોણ કરે ? વર્ષો સુધી તો ચાલ્યું, આખરે પોકળ પકડાઈ ગયું.

૨. જામનગરની પેલી આંખના પાણીની વાત ગુજરાતભરમાં જાણીતી છે. સ્પેશિયલ ટ્રેનો દોડતી, પણ આખરે એનીય પોકળતા સિદ્ધ થઈ ચૂકી.

૩. ઉનાવા (ઊંઝા)ના મીરાંદાતાર પીરના એક અનુભવી ભક્ત ભાઈએ આવું કંઈક કહ્યું : ત્યાં ગાંડાઓને પૂરી રાખી સાંકળે બાંધી દે છે, તેથી નથી ગાંડપણ જતું કે નથી ડહાપણે જતું.' પણ મને લાગે છે કે કદાચ રહ્યુંસહ્યું ડહાપણ જતું હોય' તો નવાઈ નહીં !

૪. એક તીર્થમાં મોટો પથ્થર તરે છે, એવી ચમત્કાર કથા ચાલતી. એક ભાઈએ જોયું તો વચ્ચેનો ઝીણો અમુક ભાગ ભૂમિને અડેલો હતો. આ જાણનાં પોકળતા જાહેર થઈ.

૫. એક સેવિકા બહેને હમણાં જણાવ્યું, ‘એક ભાઈને ગળાનું કેન્સર થયું છે, પણ એમના અંધ-શ્રદ્ધાળુઓ એ લાળને અમૃત માની ચાટી જાય છે.' બુદ્ધિના દેવાળાની કેવી પરાકાષ્ઠા ?

મૂળે તો ચમત્કારનું વિષચક્ર શરૂ થતાં જ ન દબાય તો એ ફુલ્યેફાલ્યે જાય છે અને ભયંકર ઉત્પાત મચાવીને ધર્મ અને ચારિત્ર્ય પર ગંભીર ફટકો મારે છે.

સર્વોત્તમ કોટીના પુરુષો પાછળ પણ આ ભય ઊભો જ છે, જોકે કૃષ્ણ, મહાવીર અને બુદ્ધની આસપાસના ચમત્કારોને તો એમના અસાધારણ જીવન પ્રસંગોએ સ્વયં ઝાંખા પાડી દીધા છે, પણ મહાત્મા ઈશુના ઘેલા ભક્તોએ, પ્રેમ અને ક્ષમાસિંધુ એ મહાપુરુષને જાદુઈ લાકડીવાળા જાદુગર સમા બનાવી દેવાની ધૃષ્ટતા કરતાં પણ પાછું વળીને જોયું નથી.

સહજાનંદ સ્વામીની જીવનલીલા પણ ચમત્કારોમાંથી બહાર કાઢીને નિહાળતાં ઘણી વાર મુશ્કેલ થઈ પડે છે. થોડા વખત પહેલાં શ્રીજી મહારાજના મંદિરે, અમદાવાદ હું ગયેલો અને ભલા એવા સાધુજનો મારી આસપાસ વીંટળાઈને એમની ચમત્કાર કથા વર્ણવવા લાગી ગયા. ત્યારે ત્યાં જે કહ્યું હતું એ જ ફરીને કહું તો —

'ચારિત્ર્ય એ જ મોટો ચમત્કાર છે.

'ચમત્કારને નમસ્કાર' તે સૂત્ર બીજા કશાને નહીં, પણ ચારિત્રના આ મોટા ચમત્કારને જ લાગુ પડે છે. સહજાનંદ સ્વામીની પ્રતિભા, જેમણે વિશિષ્ટા દ્વૈત મતનું જ્ઞાન, વાસુદેવ ભક્ત ઉદ્ધવ સંપ્રદાયની ભક્તિ અને સ્ફુરિત તપોમય વૈરાગ્યની ત્રિવેણીમાં સ્નાન કર્યું હતું. જેમણે કાઠી, કોળી, મોચી, ઢેડ, મુસ્લિમ, પારસી આદિ અનેક નાની મોટી કોમોને માંસ, દારૂ છોડાવી ન વટલાવું ન વટલાવવું રૂપ સર્વધર્મની શુદ્ધ દીક્ષા આપી હતી. જેમણે ગોંડલના દરબાર હઠીભાઈને એક પ્રજાપતિને ત્યાં ગુણપાટે બેસાડી કુંભારની ઈજ્જત રાજાથી વિશેષ છે, મૂળ પ્રજાપતિ એ છે, એ સિદ્ધ કર્યું હતું, અને જેઓ ધર્મવીર મુક્તાનંદસ્વામીને પણ આકર્ષી શકયા હતા, તે ઘનશ્યામ ઉર્ફે સહજાનંદ સ્વામીને એક ધર્મ સુધારકને બદલે, ચમત્કારિક વિશેષણ આપવું એ કેટલી ન્હાનમ દર્શાવે છે !

આ રામનવમીનો દિન જેમ અયોધ્યાવાસી રામની જન્મજયંતીનો દિન છે, તેમ એ અયોધ્યા નિકટ

છપૈયાના વાસી શ્રીજી મહારાજનો પણ જન્મદિન છે.

સત્સંગીઓ અવધારે !

આટલું વિચારે તો સાધુઓ દ્વારા લક્ષ્મીનો કાયા-સ્પર્શ ભલે ન થાય, પણ મનસ્પર્શ થાય છે. બ્રાહ્મણ અને ઈતરકોમના સાધુઓ વચ્ચે પંક્તિભેદ થાય છે, ધનદાતા અને શ્રમદાતા વચ્ચે ભોજનભેદ રખાય છે ધનપતિ આચાર્યની પરંપરાએ ગાદીવટ સચવાય છે તેમ જ પૈસાના વહીવટને લીધે અમલદારી તંત્રની ખુશામત તથા શ્રમજીવીઓના શ્રમનો ગેરવાજબી ઉપભોગ વગેરે અનિષ્ટો પોષાય છે, અને માંહોમાંહે જાગીર અને જમીનના ઝઘડા થાય છે, તે બધાનો અંત આવી જશે. અને શ્રીજી મહારાજનો આત્મા જ્યાં હશે ત્યાં સાચા અર્થમાં પ્રસન્ન થશે. શ્રીજી મહારાજના ચુસ્ત પ્રેમીજનો અમારી આ નમ્ર વિનંતી અવધારશે તો શ્રીજી મહારાજની લીલા પછી દોઢ સૈકાને અંતરે આ સમાજના નવઘડતર યુગમાં નવું ધર્મજોમ લાવવામાં તેઓ ખચિત મદદગાર બનશે.

ગુંજાળા, તા. ૧૮-૩-૪૭ (પ્રવાસમાં)
(વિ. વા. ૭—૪—૪૭)

## કંકુ ખર્યું...?

થોડા વખત પહેલાં મુંબઈથી મળવા આવેલ સ્થાનકવાસી જૈન બહેનોએ કહ્યું :

"અપાસરામાં છત ઉપર કંકુ જોવામાં આવ્યું અને કોઈએ એને ઝીલ્યું પણ ખરું, બે દિવસ દેખાયું, હવે તે દેખાતું બંધ થયું છે."

થોડા દિવસ પહેલાં અમુક છાપામાં હતું :

"અમુક બાબાના ફોટામાંથી કંકુ નીકળે છે."

તે પહેલાં એક બુદ્ધિશાળી મહારાષ્ટ્રીયન ભાઇએ અહીં આવીને કહ્યું :

"હું જાતે જઈને જોઈ આવ્યો. શિવલિંગ પર એક સાચો સાપ ફેણ ચડાવીને અમુક વખત લગી આવીને સ્વયં બેસે છે."

જોકે આ વાતની પોલ તો પોલીસે જ આખરે પકડી પાડયાની વાત છાપામાં આવી ચૂકી છે !

ખરી રીતે ભારતનાં માનવીઓ તો આચરણને જ પ્રધાનપદ આપનારાં છે, છતાં છેલ્લા યુગમાં ચમત્કારને જ મુખ્યરૂપ જાણ્યેઅજાણ્યે અપાઇ જાય છે. જૈનો તો ચમત્કારના કટ્ટર વિરોધી રહ્યા છે, પણ આજે તો તેઓ પણ ચમત્કારને મુખ્યરૂપ આપી દે છે. પરિણામે જૈન દૃષ્ટિએ જે સંવર અને નિર્જરાનાં સાધનો છે, તે પણ મુખ્યપણે આસ્રવનાં સાધનો બની જાય છે. એટલે ગાંધીજીએ જેટલી સાવધાની જાતે રાખી અને ગાંધીજી

પછી કિશોરલાલ મશરૂવાળા અને સંત વિનોબા તેમની બાબતમાં સાવધાની રાખતા આવ્યા છે તેથીયે વધુ સાવધાની એકે એક જૈન સાધ્વીએ અને નિષ્ઠાવંત શ્રાવક-શ્રાવિકાએ રાખવી પડશે, તો જ ધર્મક્રાંતિનો માર્ગ આજે જે વહેમ, અંધશ્રદ્ધા, કુશંકા અને અશ્રદ્ધાથી અવરોધાયો છે, તે ખુલ્લો થઈ શકશે.

ચમત્કારોની વાત ભલે તદ્દન ખોટી ન હોય અને સાચી હોય, ત્યાં પણ ચમત્કાર મુખ્ય નથી. ચારિત્ર્ય જ મુખ્ય છે. એ ઠાંસી ઠાંસીને સૌને સમજાવવું જ રહ્યું.

(વિ. વા. ૧-૧૧-૧૯૭૦)

## મંતરેલા દાણાની અસર થાય ?

પ્રશ્ન : અમારા એક કુટુંબીજનને કોઈ [સાધુ મહારાજનો સાથ લઈને એક ભાઈએ અડદના દાણા મંતરીને ખવડાવ્યા છે, તેથી તેમને શરીરે સખત બળતરા રહે છે, તેમ તેઓનું માનવું છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર માનવીને આવી વાતો માનવી મુશ્કેલ બને છે, પરંતુ દુઃખિત કુટુંબ જોઈને અને સાંભળવા પ્રમાણે આપના જેવાના પુણ્યપ્રતાપથી દુઃખ દૂર થઈ શકે તેમ છે તો એ વિશે આપનું માર્ગદર્શન શું છે ?

ઉત્તર : આવી વાતોનો મોટોભાગ હંબક હોય છે. અલબત્ત, મેલાં તત્ત્વો જગતમાં નથી હોતાં, એમ સાવ ન કહી શકાય. પણ મોટોભાગ ખોટી ભ્રમણાનો હોઈને મંછા ભૂત અને શંકા ડાકણ'—એ કહેવત યથાર્થ ઠરે છે. કવચિત્ મેલાં તત્ત્વો અસર ઉપજાવે છે ખરાં પરંતુ તે પામર માનવીઓને જ પકડી શકે છે. એથી એવાં સ્થળોએ પોતપોતાના ઈષ્ટદેવોનું સ્મરણ કરવા તરફ વૃત્તિ દઢ કરવી–કરાવવી એ સૌના હિતમાં છે. તે દ્વારા ખોટો વહેમ હોય તો ખરી પડે છે. અને મેલાં તત્ત્વોની અસર પડી ગઈ હોય તો તે પણ કાળે કરીને નીકળી જાય છે. પણ જો ખોટી દયાથી પ્રેરાઈને કે ઝટ મટી જાય તેવા હેતુથી કોઈ દોરવાઈને પીર, ભુવાઓને માર્ગે જાય છે, તો તેનાં પરિણામો બધી દષ્ટિએ ખરાબ નીપજે છે. પીર ભુવાઓને માર્ગે જતાં બચાવવા કેટલાક જૈન યતિઓ તામસ તત્ત્વોની

ઉપાસનાને માર્ગે ગયા. તેથી પણ સરવાળે જૈન તત્ત્વને અને તેમની પોતાની જાતને નુકસાન થયું છે. એવો મારો પ્રામાણિક અને દૃઢ મત છે. જૈન યતિઓએ સત્ત્વગુણ કે તેથીયે આગળ ત્રિગુણાતીત દશાને જ વળગી રહેવું જોઈએ. તામસ તત્ત્વોના પ્રતિકાર માટે તમોગુણી સાધનાને માર્ગે નીચે ઊતરવું એ કોઈ રીતે યોગ્ય નથી. આ ઉપરથી મારું માર્ગદર્શન અને વલણ એ જ સ્પષ્ટ રહે છે કે માત્ર પોતપોતાના ઈષ્ટદેવનું સ્મરણ એવા કુટુંબીજનને કરવું—કરાવવું. ઈષ્ટદેવમાં મહાવીર, શિવ, કૃષ્ણ, રામ અથવા જે હોય તે.

(વિ. વા. ૧-૩-૧૯૬૧)

## ભજનોમાં ચમત્કાર

પ્રશ્ન : મારે આશ્રમમાં કઈ જાતનાં ભજનો ગવરાવવાં? આ પ્રશ્ન એટલા સારુ પૂછું છું કે ચમત્કાર સૂચક ભજનો ભારે અનર્થ કરાવે છે, તદ્દન તાજો એક દાખલો આપું.

'એક હરિજને સગાળશાનું વ્યાખ્યાન સાંભળીને વ્રત લીધેલું કે ગમે તે સાધુની, ગમે તેવી ઈચ્છા મુજબ ખવડાવ્યા બાદ જ ભોજન લઈશ'—દુર્ભાગ્યે એક બાવો એવો જ મળી ગયો, તેણે આ વ્રતધારીના એકના એક કુમળા પુત્રનું માંસ માગ્યું, 'મારા પુત્રને બાવાજી સજીવન કરશે'— એમ માનીને હરિજને પણ પોતાના પાંચ વર્ષના છોકરાને મારી નાખ્યો. ઠગારો બાવો નાસી ગયો, અને હરિજન ભાઈએ પુત્ર ખોયો "હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે" ગવરાવું તો ઉપરનો દાખલો યાદ આવી મને રોકે છે, અને પૂ. બાપુજીનાં ગીતો ગવરાવું છું તો પ્રાર્થનામાં કોઈ આવતું નથી. મારે શું કરવું ?

ઉત્તર : માત્ર મીરાં અને તોરલની જીવન ઝરમર જોશો તોય સહેજે જણાશે કે, ચમત્કાર માત્રનું મૂળ ચારિત્ર્ય એટલે પોતાના હૃદયનું સંપૂર્ણ સમાધાન થવું અને સામાના હૃદયનો પલટો થવો. એનાથી બીજો મોટો ચમત્કાર કયો હોઈ શકે?

ચમત્કારને પ્રગટ કરતાં ભજનો ગાઈને પણ તમારે આવા ચારિત્ર્યનું જ પ્રતિપાદન કરવું. એ પ્રતિપાદન ન કરી શકાય તો તમો સીધાં સાદાં ચારિત્ર્ય-સૂચક ભજનો ગાઓ અને ગવરાઓ. દા. ત. 'વૈષ્ણવજન તો તેને કહીએ,' 'મેરે તો ગિરધર ગોપાલ,' 'પાપાંચી વાસના નકા દાઉં ડોળા,' 'મો સમ કૌન કુટિલ ખલ કામી' – આવાં ભજનોમાં કશું જોખમ નથી.

ગાંધીગીનો આ યુગે આબાલવૃદ્ધ સૌને પ્રોત્સાહક છે, એમ છતાં જે પ્રાર્થનામાં બીજાઓ ન આવે, એ વાતમાં બીજી કોઈ ખામી હોવી જોઈએ.

તમે જે દુ:ખદ દાખલો ટાંકયો તેમાં પણ ઊંડાં ઊતરશો તો બીજાં કારણો જણાયા વિના નહીં રહે. લોભિયા આગળ જ ધુતારાની ધૂર્તતા જીતી શકે છે, નિર્લોભી આગળ કદી નહીં. સગાળશાહનું આખ્યાન સાંભળીને એનું અંધ અનુકરણ કરનારા ખત્તા ખાય તેમાં નવાઈ નથી. સગાળશાહનું ચિત્ર તો એકબાજુ શ્રદ્ધાની પરાકાષ્ઠાનું અને બીજી બાજુ વ્રત પાલનમાં પ્રાણાર્પણનું સૂચવે છે. વળી–ચેલૈયોકુમાર અને ચંગાવતી સ્ત્રી–બંનેની હાર્દિક સંમતિ ન હોત તો સગાળશાહ એટલી હદ સુધી આગળ ન જાત એ પણ નક્કી છે. એ દષ્ટાંતમાં વ્રતધારી અને વ્રતધારીનાં પુત્ર તથા પત્નીની આત્મવિલોપનભરી ભક્તિ ઉપર એટલો બધો ઝોક અપાયો છે કે પેલા સાધુની યોગ્યતા વિશે આપણો ખ્યાલ જતો નથી. હું તો એમ

પણ માનું છું કે જેમ સગાળશાહની કસોટી સાધુએ કરી નાખી, તેમ પ્રથમ સાધુની કસોટી સગાળશાહે પણ કરી નાખી હોવી જ જોઈએ. જેની સાધુતા વિશે આપણા મનમાં આસ્થા ન હોય ત્યાં તેના વચન પર વિશ્વાસ કેવો અને સમર્પણ કેવાં ? તમે જે દાખલો આપ્યો છે, તેમાં જેમ સાધુની યોગ્યતા નથી, તેમ સંપર્કનીયે યોગ્યતા નથી. હોમાનાર પુત્રને તો પુછાયું જ શાનું હોય ? પાંચ વર્ષનું બાળક શું સમજે તે તો વળી જુદો સવાલ છે. આ પરથી હું તમોને એ કહેવા ઈચ્છું છું કે આવી વાતો સાંભળ્યા પછી તેમાં ઊંડા ઊતર્યા વિના મત ફેરવી નાખવો. ઉપરાંત બાપુ જેવા પુરુષો પરની શ્રદ્ધા પ્રથમ પોતે દૃઢ કરવી, એનો ચેપ હજી પ્રજાને તો લાગશે જ. આ બધામાં પણ આપણું ચારિત્ર્ય જ મુખ્ય બની રહે છે, તે રહેવું ઘટે છે.

(વિ. વા. ૧–૬–૧૯૫૧)

## અંધશ્રદ્ધાનો ચમત્કાર

બે વર્ષ પહેલાંની જ વાત છે. માળવાની સરહદેથી થોડાક લોકો આ પ્રદેશમાં ઊતરી આવ્યા. એમની સાથે કાચમાં મઢેલ અનેક દેવ-દેવીઓનાં રંગ બેરંગી ચિત્રો હતાં. તેઓ ધૂણના. તેમને જોવા લોકો ટોળે મળતા. થોડા જ વખતમાં આખા પ્રદેશમાં એ વાત પહોંચી ગઈ. માતાઓ આવી છે, આપણાં પાપો માટે સજા કરે છે. જે માતાના કહ્યા પ્રમાણે સોગંદ લે છે, એને ભગત બનાવી બચાવી લે છે. બસ, પછી તો આ ધૂણવાવાળા ગામોગામ ફરવા લાગ્યા. જ્યાં જાય ત્યાં ગામલોકો પણ ધૂણે, પોતાના જ ગામ ભાઈઓને ધૂણતા જોઈને લોકો વધારે ભયભીત બન્યા. માતાની આજ્ઞાઓ માથે ચડાવવા લાગ્યા. ગામે ગામ લોકો માતાની કૃપાદષ્ટિ મેળવવા ભગત બનવા લાગ્યા. માતાને શરણે આવવા લાગ્યા.

જે ભગત બને તેને સોગંદ આપવામાં આવતાં સોગંદ પણ સીધા એમના દિલને અસર કરે તેવા. સૌથી પહેલાં તેમને મીઠાનું પાણી પાવામાં આવતું— ચરણામૃતની જેમ. અને ત્યાર બાદ સોગંદવિધિ થતી.

ભૂવો (ધૂણવાવાળો) કહેતો :

"બોલ, હવેથી દારૂતાડી નહીં પીઉં, માંસ નહીં ખાઉં. કોઈનું ખેતર નહીં ભેળાવું. ચોરી નહીં કરું. રોજ નાહીશ—ધોઈશ. નાહ્યા બાદ જ રોટલા ખાઈશ."

વળી આગળ ભૂવો બોલે :

"બોલ, જો આ નિયમનો-વચનનો મારાથી ભંગ થાય તો હું મીઠું ગળે તેમ ગળી જાઉં. લાકડું સુકાય તેમ સુકાઇ જાઉં, પૃથ્વી ફાટે તેમ ફાટી જાઉં."

બીજા પણ અનેક દેવ—દેવીઓના સોગંદ આપતા. સોગંદ લે તે ભગત કહેવાય. ગામેગામ આવા ભગતો વધતા ગયા. જે 'ભગતો' બને એ પોતાના ઘરમાંથી આજ સુધીનાં નવાંજૂનાં માટીનાં બધાં જ વાસણો ગામ બહાર ફેંકી આવે. આ રીતે ગામેગામ માટીનાં વાસણોના ઢગલા થવા લાગ્યા. આજે પણ એના અવશેષ જોઈ શકાય છે. ભાગ્યે જ કોઈ ગામમાં આપણને એકાદ માણસ ભગત થયા વગરનો જોવા મળે.

આવું પરિવર્તન કરાવવા માટે કેટલા મિશનરી-સેવકોની જરૂર પડત ? વળી સમય પણ ખૂબ જાત. લાંબા ગાળે પણ આટલું વ્યાપક પરિણામ આવત કે કેમ એ વિશ્વાસપૂર્વક કહેવું મુશ્કેલ છે.

આજે આ આખા પ્રદેશ પરિવર્તનને પોણા બે વર્ષથી વધારે સમય થયો. મોટા ભાગના લોકો આને વળગી રહ્યા છે. વર્ષોના શોષણના કારણે, જીવન પ્રત્યે એક જાતની ઉદાસીનતા આવી ગઈ હતી એના બદલે આજે નવજીવનની ભૂખ નજરે ચડે છે.

*

ઊંડાણના ગામડામાં કામે લાગેલા એક ઉત્સાહી કાર્યકરભાઈએ તે પ્રદેશમાં અંધશ્રદ્ધાએ કરેલા ચમત્કારનો

ઉપરનો અનુભવ લખી મોકલ્યો છે. આવા ચમત્કારથી એક રીતે સારું કામ થયું દેખાય છે, છતાં એ અંધશ્રદ્ધા એમને સમજપૂર્વક સત્યને માર્ગે આગળ જતાં રોકે છે. એ આપણે સૌએ ન ભૂલવું જોઈએ.

(વિ. વા. ૧૬—૨—૧૯૫૦)

## આત્માની પ્રતીતિ શું છે?

પ્રશ્ન : મને ઘણા વખતથી આત્માની પ્રતીતિ માટે શંકા રહે છે. જોકે જ્ઞાની પુરુષોનાં વચનો ખોટાં ન હોય એમ માનીને શ્રદ્ધા રાખવા મથું છું. પણ મનને સમાધાન મળતું નથી. પુસ્તકો કરતાં પણ મને આપના ઉપદેશમાં વધુ વિશ્વાસ છે. આપ મારું મન સમાધાન કરશો.

ઉત્તર : મને પોતાને જ હજુ મારે વિશે મજબૂત આત્મ પ્રતીતિ થઈ હોય એવો દાવો નહીં કરી શકું. એક ઠેકાણે વાવેલું બીજે ઠેકાણે ઊગી નીકળે છે. મનના ખોટા વિચારોનું કે સારા વિચારોનું ફળ તરત જણાઈ આવે છે. આપણા અંતરમાં પડેલો પ્રેમ, ન મળીએ તોપણ જે વ્યક્તિને ઉદ્દેશીને રેડીએ, તેના પર અસર કરતો જોવા મળે છે. આવા મારા અંગત અને અનેક સામાજિક દાખલાઓ મેં અનુભવ્યા છે અને તેને લીધે મનથી પર એવો એક ચૈતન્ય પ્રવાહ છે અને તે સર્વમાં અને સર્વત્ર સભર છે, એમ મને પ્રબળપણે લાગ્યું છે.

મને આ બાબતમાં જેટલી પ્રતીતિ થઈ છે, તેટલી હજુ જન્મજન્માંતરની ઘટનાઓ વિશે નથી થઈ. આમ છતાં સંસ્કારો જન્મથી ઊતરી આવેલા દેખવાથી તથા અજાણ્યાને જોવા છતાં કેટલીક વાર જે અણધારી નવીન અસરો ઊભી થાય છે, તે પરથી જન્માંતર હોય એવું અનુમાન તારવી શકું છું. મને લાગે છે કે આ બાબતમાં તમો તમારી જાતના બચપણથી અત્યાર સુધીના બનાવોને નિહાળી જાઓ અને સ્વપ્નની વાત સવારમાં યાદ રાખે છે, તે કોણ હશે ? એક જ વખતે મનમાં જાણે બે વિરોધી વિચારો આવતા હોય, ત્યારે મનથી પર એવું એ કોણ હશે ? અનેક નિરાશાઓમાં જીવનની આશાનો દીપક જલતો રાખનારું એ કોણ હશે? આવા વિચારોથી તમોને ધીરે ધીરે મનસમાધાન મળતું જશે.

(વિ. વા. ૧૬—૧૦—૫૦)

## ચમત્કારનું નહીં પણ શ્રદ્ધાનું જ મૂલ્ય

**શ્રી અરવિંદ તથા શ્રી માતાજીના દર્શનથી થયેલા લાભની બાબતમાં એક સાધક જણાવે છે :**

શ્રી અરવિંદ ... જ્યારે હતા ત્યારે વરસમાં ત્રણ વખત દર્શન આપતા હતા. (૧) ૧૫મી ઓગષ્ટ, (૨) ૨૪મી નવેમ્બર અને (૩) ૨૨ મી ફેબ્રુઆરી... દર્શન ફક્ત એક મિનિટ કે પોણી મિનિટ માટે થતું હતું. પરંતુ જેમના ઉપર શ્રી અરવિંદની દૃષ્ટિ પડે તેનું કલ્યાણ જ થતું હતું...મારા મસ્તકે કૃપા હાથ મૂકયો. એટલે અંદરથી અવાજ આવ્યો કે—'હું બ્રહ્મ છું મને હવે મરણની ભીતિ નથી,' એ દૃશ્ય હજું તાજું લાગે છે. એ ભાન કાયમી રહે તે માટે સ્ફુરણા અને બળ હજુ પણ મળતું રહે છે. તા. ૨૪-૧૧-૩૨ના દિને શ્રી અરવિંદકૃપા થઈ. તે પહેલાં ૨૫-૧૦-૩૨ના દિવસે મને માતાજીનું દર્શન સાંજે પાંચ વાગ્યે થયું. દર્શન થતાં જ હું આત્માભિમુખ થયો, અને દિવ્યશક્તિનો ત્યાં વાસ છે, એવી ખાતરી થઈ. શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું સ્મરણ હંમેશ થાય છે."

મારા નમ્ર મતે આજે શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં નામ પોંડિચેરી આશ્રમ આગળ ચમત્કારની હવા જામી ચૂકી છે. ઉપલા સાધકને એ ગમતું નથી એમ છતાં એમણે લખેલી ઉપલી વાતમાંથી પણ વાચક તો ચમત્કાર જ તારવવાનો. એટલે જો ચમત્કારનું નહીં

પણ શ્રદ્ધાનું જ મૂલ્ય વિશ્વની માનવજાતમાં વિકસાવવું હોય તો આજે વિશ્વવિશાળ વાત્સલ્ય ફેલાવવાની અને તેવા પ્રયોગાનુભવો જાતે કરી, સૌ પાસે કરાવવાની જરૂર છે. ગાંધીજીએ એ દિશામાં કામ કર્યું એ જો જગજાહેર વાત હોય તો શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં ગાંધી પ્રયોગોને પોષક હોય તેવાં વાકયોનું ભલે સાહિત્ય છપાય, પરંતુ તેમાં નામ તરીકેનો મહિમા પણ ગાંધીજીનો હોય તે જ જરૂરી છે. શ્રી અરવિંદ સાર્વભૌમ આત્મ સમર્પણ કરવાનું જે સૂચવે છે તે આ રીતે જ સાર્થક થશે. કારણ કે કર્મોમાં તેમ જ ભાવનામાં પરાતપર એવા પુરુષ રૂપ પરમાત્માને સત્યરૂપે જોઈ આચરનાર છતાં સામાન્ય માનવીય જીવન જીવનાર તો આજના યુગમાં એકમાત્ર ગાંધીજી જ હતા. એ જ રીતે જૈનધર્મના અંતિમ તીર્થંકર મહાવીરનાં સત્ય અહિંસારૂપ જ્ઞાન ભક્તિ તથા રામકૃષ્ણ અને બુદ્ધના વૈરાગ્ય વાસિત નિષ્કામ કર્મયોગનો સમન્વય પણ એમનામાં જ ઝળકી રહેલો દેખાય છે. એવી જ રીતે જરથુસ્તની પવિત્રતા, ઈશુની ક્ષમા અને ઇસ્લામની બિરાદરી પણ ગાંધીજીમાં એકી સાથે સોળે કળાએ દીપી ઊઠે છે.

(વિ. વા. ૧—૩—૧૯૭૨)

## ઈશ્વર જાતે આવીને મદદ કરે ?

પ્રશ્ન. : નરસિંહમહેતા, સખુબાઈ વગેરે ભક્તો, સંતો, માટે ભગવાને જાતે આવીને તેમને ભૌતિક પદાર્થોમાં મદદ કરી હતી વગેરે વાતો સાંભળવા મળે છે. ગીતામાં પણ 'તેષાં નિત્યા ભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહં''— એવું જોવા વાંચવા મળે છે. હવે જો ઈશ્વર નિરંજન નિરાકાર હોય તો આ વાતોમાં સત્ય કેટલું ? અને એ સત્ય હોય તો પછી માનવ પુરુષાર્થને અવકાશ ક્યાં રહે ? આપણે આ યુગે જોઈએ છીએ કે આપણા દેશના લોકો કરતાં ખાસ કરીને પશ્ચિમના લોકો પુરુષાર્થવાદી રહ્યા, તેથી એકંદરે મહેનતુ અને સુખી છે. તો આ બાબતમાં આપનો શો અભિપ્રાય છે ?

ઉત્તર : 'ઈશ્વર કર્તૃત્વવાદ'ની પરિભાષામાં જોઈએ તો ભૌતિક કે આધ્યાત્મિક દરેક પ્રસંગમાં ભગવાન જ આવીને ઊભા રહે છે. આને પરિણામે સમર્પણભાવ જાગીને નમ્રતાનો લાભ થાય છે, અલબત્ત, અકાર્મણ્યનો ભય છે, પરંતુ પુરુષાર્થથી જો અહંતા અને મમતા વધતી હોય તો તેના કરતાં અકાર્મણ્ય વધુ ભયંકર નથી જ તેનો તાજો દાખલો આ દેશમાં જન્મ લેનાર ગાંધીજીનો છે.

પુરુષાર્થવાદી દેશોમાં વૈજ્ઞાનિકો, સાહિત્યકારો ધનિકો અને શોધકો ઘણા મળ્યા છે, પરંતુ ગાંધીજી મળ્યા નથી. એટલું જ નહીં, બલ્કે અત્યંત દીનતા છતાં આ દેશમાં સામ્યવાદને જગા મળી નથી. એ એનું બીજું પ્રમાણ

છે. ખરી રીતે ઈશ્વર જેમ નિરંજન નિરાકાર છે, તેમ સાકાર પણ છે જ. કારણ કે માનવ એ એક અર્થમાં ઈશ્વરનું સાકાર રૂપ છે, જે માનવી ઊંચો ઊઠી સામાન્ય જનમાનસથી અલગ થાય છે, તેની ચિંતા હંમેશાં હિંદનો માનવ સમાજ કરતો જ આવ્યો છે, જો જનતા જનાર્દનરૂપ સમાજને ઈશ્વરરૂપ માનીએ તો એ ભાષામાં એ 'યોગ ક્ષેમ પૂરક' થયો જ છે. આ રીતે વિચારવાથી ઈશ્વરનું સગુણનિર્ગુણ સ્વરૂપ બરાબર ઘટી જાય છે. તે રીતે કર્તાપણું અને અકર્તાપણું પણ ઘટી રહે છે. ગીતામાં પણ આવી બે દૃષ્ટિએ બે વાતો કરી છે. તે પરસ્પર વિરોધી નથી. પણ સાપેક્ષ સિદ્ધાંતથી સંવાદી અને એકરૂપ છે. પશ્ચિમના લોકો પુરુષાર્થવાદી રહ્યા, એ ખરું પણ ઈશ્વરાભિમુખ ન હોવાને કારણે સાચી રીતે સુખી પણ નથી. અને સેવાભાવમાં સચ્ચાઈનો આગ્રહ ન હોવાને કારણે એમનામાં પાયાની અધૂરાશ રહી ગઈ છે.

(વિ. વા. ૧-૧૧—૧૯૬૨)

## પધાર્યા મેઘમહારાજા

રાજકોટમાં આવ્યા બાદ થોડો વખત ખૂબ ચિંતા રહ્યા કરતી. વરસાદની વાટ જોતી જનતાનાં આર્તવચનો મનમાં મંથનો જગાડતાં, આ દિવસો પછી થતી ચિંતા આટલી ઊંડી નહોતી તેનું કારણ નહોતું સમજાતું. શ્રી જેઠાલાલભાઈ જોશીએ જાહેર પ્રાર્થના યોજી. પ્રાર્થના સમય સુધી દિલમાં સ્ફુરણા નહોતી. પ્રાર્થના વેળાએ ખાસી રીતે થઈ. શિવાભાઈ પટેલની પ્રેરણાએ દુષ્કાળ અંગે નિવેદન તૈયાર કરાવ્યું. પ્રેસ પરિષદ બોલાવીને નિવેદન બહાર પાડયું. ઊંડે ઊંડે હજુ વરસાદની આશા હશે, પણ આજે જે રીતે સૌરાષ્ટ્રમાં મેઘમહારાજા પધાર્યા, તેવી કલ્પના તો નહોતી જ. મૈયાની કળા અકળ છે. આખરે પધાર્યા મેઘરાજા ! અને એવા પધાર્યા કે ઢેબરભાઈ જેવા સૌરાષ્ટ્રની ચિંતા કરનારા અનેકનાં હૈયાંને ખીલવી મૂકયાં.

એક મુસ્લિમભાઈ હમણાં મળવા આવ્યા હતા અને કહેતા હતા : પ્રાર્થના વખતનું જનતાનું દૃશ્ય શાંત અને અનોખું હતું.

પ્રાર્થના પરની શ્રદ્ધા અદ્‌ભુત કાર્ય કરે છે એ સાચું, પણ તે મૂંગા પશુઓની પ્રાર્થના હશે કે આપણા જેવા મર્ત્યોની, તે તો પ્રભુ જાણે !

(વિ. વા. ૧૬—૧૦—૧૯૪૮)

[આ જાહેર પ્રાર્થના પછી ધોધમાર વરસાદ તૂટી પડયો હતો. તેથી મુનિશ્રીએ ઉપરની નોંધમાં જણાવ્યું છે — 'પ્રાર્થના પરની શ્રદ્ધા અદ્‌ભુત કાર્ય કરે છે એ સાચું.' પરંતુ તે જાહેર પ્રાર્થનાને કોઈ ચમત્કારમાં ન ઘટાવે એટલા જાગ્રત રાખવા ખાતર તેમણે એ પ્રાર્થના 'પશુઓની કે મર્ત્યોની' — એવા ઉદ્‌ગાર કાઢી પ્રસંગને હળવો બનાવી મૂકયો છે. મ. પં.]

## ચારિત્ર્ય વત્તા ચમત્કાર ભલે હોય

ચારિત્ર્ય મુખ્ય રહેતું હોય અને એના આગળ ચમત્કાર ગૌણ બનીને રહેતો હોય તો ચમત્કાર રહે એમાં વાંધો નથી. ખરી રીતે છે પણ એમ જ. પરંતુ જ્યારે ચમત્કાર મુખ્ય બની જાય છે, ત્યારે ચારિત્ર્ય ગૌણ બનતાં ક્રમે ક્રમે છેવટે ચારિત્ર્યનો છેદ ઊડી જાય છે! એટલા જ માટે સંતસતીઓએ, ખાસ કરીને જૈન સાધુ—સાધ્વીઓએ, જૈન શ્રાવક—શ્રાવિકાઓએ આ દિશામાં સતત જાગતા રહેવું જોઈએ. આ બાબતમાં સદ્ભાગ્યે ગાંધી સમયનાં પાયાનાં સેવક સેવિકાઓ ઘણાં જાગ્રત છે, તેમ કહેવું પડે છે! જો કાકાકાલેલકર, સંત વિનોબા અને કિશોરલાલ મશરૂવાળા આટઆટલા સાવધાન ન રહ્યા હોત તો ગાંધીજી જેવી વિશ્વવંદ્ય વિભૂતિનાં મંદિરોનો રાફડો ફાટયો હોત! કસ્તૂરબાની બંગડીઓ ચેહમાંથી આબાદ નીકળી એ ચમત્કારનું તૂત ફેલાવામાં કમી ન રહી હોત! પણ એ ન ફેલાવામાં ઉપલી ગાંધીજીની સાથી ત્રિપુટીને યશ ઘટે છે. આનું કારણ પણ ખુદ ગાંધીજી સતત જાગ્રત રહેલા તે મુખ્ય ગણાવી શકાય! સદ્ભાગ્યે જૈનાચાર્યો પણ આ દિશામાં ખૂબ અપ્રમત્ત રહેતા, હું ન ભૂલતો હોઉં તો સંમત ભદ્રાચાર્ય જેવા મહામુનિએ તો ખુદ તીર્થંકર ભગવાન મહાવીરને સંબોધીને પણ ચોખ્ખે ચોખ્ખું સુણાવી દીધું છે કે — 'આપની પાસે દેવાગમ દેવોનું આગમન થાય છે, નભોયાન એટલે કે ખેચરી

વિદ્યા છે, ચામરા દિવિ ભૂતય: દેવો ચામર ઢોળતા ઊભા રહે છે'—તેટલા માટે અમે આપને મહાવીર માની નમતા નથી કારણ તે બધી વિભૂતિઓ તો માયાવિષ્વપિ સંસારીઓમાં પણ હોઈ શકે છે! અમે તો તમે મહામોહ રૂપ મહાશત્રુને પરાજિત કર્યો અને મહાવીર શાસનના શ્રદ્ધાળુઓને પણ એ રસ્તે દોર્યા છે માટે મહાવીર તરીકે નમન કરીએ છીએ.'

આચાર્ય આનંદઘનજી પાસે કહેવાય છે 'એક ઠાકોરનાં ઠકરાણી ગયાં અને ઠાકોર માટેનો વશીકરણ મંત્ર માગ્યો. પણ આ અલબેલા અલગારી યોગીએ સાફસાફ સુણાવી દીધું—'તેરા પતિ વશ હોવે, ઉસમેં આનંદઘનકો કયા? ઔર તેરા પતિ વશ ન હોવે, ઉસમેં ભી આનંદઘનકો કયા?'

બસ આ જ વૃત્તિ જૈન સંત સતીઓમાં હોવી જોઈએ. એમણે એ રીતે પણ સાવધાન રહેવું જોઈએ કે 'પોતાને નામે કે ધર્મને નામે રખે ચમત્કાર પ્રચલિત થઈ જાય!' આમાં જો જરાક આંખઆડા કાન કર્યા તો વિવિધ નામોને ઓઠે આ તૂત ચોમેર ફેલાઈ જતાં વાર લાગતી નથી. અને કોઈ અનુયાયી કે ચાહક ગફલતથી એ તૂત ફેલાવવા યત્ન કરે, તોપણ આખરે એને અયથાર્થ ઠરાવનારાં નિમિત્તો ઊભાં કરી નાખે છે! સદ્‌ભાગ્યે આવા પ્રથમ દુઃખદ અને ચમત્કારને અયથાર્થ ઠરાવનારા સુખદ અનુભવો આપોઆપ મને પોતાને

ઠીક ઠીક થઈ ચૂકયા છે ! ભાલનળકાંઠા પ્રયોગમાં નિસર્ગ મૈયાની આ ખૂબી પણ દિસી આવે છે !

હું પોતે સૌરાષ્ટ્રમાં એક સ્થળે ગયો ત્યાં શ્રીજી મહારાજની તારીફ કરતાં એ સંપ્રદાયના એક ભકતે એ સ્થાન બતાવી કહ્યું : 'જુઓ, અહીં એક ગાડામાં ભાગ્યે જ સમાય એટલાં ચીભડાંની ફાંટ શ્રીજી મહારાજ અહીં ઉપાડીને લાવેલા !'

મને થયું, એ તો ગાડામાં પણ લાવી શકાત. પરંતુ કાઠી, કોળી અને સાવ અલ્લડ-અનાડી અને ગુનાહિત એવી કોમોમાંથી વ્યક્તિઓ જ નહીં, બલકે કુટુંબોના કુટુંબોને જુગાર, ચોરી-જારી, શિકાર, માંસાહાર, દારૂ જેવાં મહાવ્યસનો છોડાવી પરમ ભક્ત બનાવી એ ચારિત્ર્ય ઘડતરનો ચમત્કાર—જે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં સર્જી દીધો તે કાંઈ ઓછી વાત છે ?'

મતલબ, ચારિત્ર્ય ઘડતર કરવું અને કરાવવું એ જ મુખ્ય વાત છે. એને મુખ્ય રાખીને પછીના નંબરમાં ચારિત્ર્યના પડછાયા રૂપે જ ચમત્કારોને જોવાની દષ્ટિ રાખવી જોઇએ, અને એનો એ ક્રમે જાગૃત રહીને જ ફેલાવો થવો જોઈએ. અનાજ વાવતાં ઘાસ તો મળે જ. પણ માત્ર ઘાસ ખાતર અનાજને ફેંકી ન દેવાય ! તેમ જે ચારિત્ર્ય ઘડતર કરે છે અને કરાવે છે ત્યાં કુદરત મદદગાર બની ચમત્કારો સર્જે જ છે, પણ એ ચમત્કારોની વાતને પકડીને ચારિત્ર્ય ઘડતરનો મૂળ એકડો ગૌણ ન

બનાવી શકાય. નહીંતર તો મીંડાં આગળ ચાલ્યાં જાય અને એકડો પણ છેવટે ગૌણ થતાં મીંડું જ બની જાય? લાખો, કરોડો, અબજો એ બધાંનું મૂલ્ય આગળ એકડો સાબૂત હોય ત્યાં લગી જ છે. નહીં તો લાખ લાખ મીંડાં હોય, તોય સાવ નકામાં બની જાય છે! એટલે જ ચારિત્ર્ય વત્તા ચમત્કાર ભલે હોય! પણ ચમત્કારના ધૂમ પ્રચારમાં ચારિત્ર્યનો એકડો આગળ રાખવાનું સ્વપ્ને પણ ન ભુલાય તેટલી કાળજી હરદમ રાખવી ઘટે!

(વિ. વા. ૧૬–૧૧–૧૯૭૬)

## ચમત્કાર સંશોધનનો વિષય

એક વિચારકભાઈએ મને કહ્યું : "મનાય કે ન મનાય, પણ ચમત્કાર જેવું કાંઈક છે, એવો પ્રત્યક્ષ અનુભવ થતો હોય છે ત્યારે માન્યા વગર છૂટકો થતો નથી. તાજેતરમાં શ્રી કેદારનાથજીને (કિ. ઘ. મશરૂવાળાના ગુરુ) મેં આ વિશે અનુભવેલા પ્રસંગો ટાંકીને એ વિશે કહ્યું, ત્યારે એમણે પણ એ અનુભવોનો સાવ ઈન્કાર ન કરતાં 'એ સંશોધનનો વિષય છે'–એમ તો સ્વીકાર્યું. આપને કેમ લાગે છે? ચમત્કાર જેવું કાંઈ છે ખરું? દુન્યવી રિદ્ધિસિદ્ધિ મેળવવામાં આ ચમત્કારો કામ કરતા હશે? મેલી કે જે સાત્ત્વિક વિદ્યા જેવું કાંઈ હશે ખરું?

મેલી વિદ્યાઓ વાપરી શકાય છે, એ સાચું પણ તેવી વિદ્યાઓ તેવા લોકો ઉપર જ અસરકારક બની શકે છે કે લોકો એવો પ્રયોગ અજમાવનાર કરતાં હલકી કક્ષાના હોય. ઉચ્ચકક્ષાના મનવાળાઓ ઉપર મેલા પ્રયોગો કારગત થતા જ નથી. આથી શુભાશુભ કર્મોના ફળનિયમને આમાં કશો બાધ નથી કારણ કે જેનું મન જેટલુ નબળું તેટલાં તે અશુભકર્મો ક્ષણે ક્ષણે બાંધી શકે તે તેનું પરિણામ વેઠી રહે તે દેખીતું છે.

બીજું રિદ્ધિસિદ્ધિના ચમત્કારા વિશે મોટે ભાગે અંધશ્રદ્ધા કામ કરતી હોય છે. પોતપોતાનાં સારાં કાર્યોનું ફળ મળતું હોવા છતાં એ અંધશ્રદ્ધાથી માની લે છે કે અમુક વેશધારીએ મને યંત્ર કે મંત્ર આપ્યો તેથી

આમ થયું ! કેટલીકવાર ઉચ્ચ ચારિત્ર્યવાળા સાધુઓ ઉપરની ઉપલી જાતની અંધશ્રદ્ધા પાછળ ઉપાસકના હૃદયની સરળતા પણ હોય છે, જેથી આવું ફળ એ સરળ શ્રદ્ધાના યોગે મળી જાય એવું બને છે. પરંતુ એટલું ખરું કે ચારિત્ર્યવાળા સાધુ પુરુષોએ જાગૃત રહી આવી અંધશ્રદ્ધા પોષવી ન જોઈએ, પણ તોડી નાખવી જોઈએ. તો જ તેવા સાધુ પુરુષો સાધનામાં આગળ વધી શકે નહીંતર જનતાને, વહેમ, પામરતા અને લાલચુ વેડામાં ફસાવી નાખવાના મહાનિમિત્તરૂપ બને અને પોતે પણ પતન પામી જાય !

(વિ. વા. ૧-૭-૧૯૫૮)

# સંતબાલ પરિચય પુસ્તિકા

## વર્ષ બીજું : ૧૯૮૭-૮૮

* ૧. સંતબાલજી મહારાજની
* ૨. કચ્છયાત્રા
* ૩. સ્ફુરણાવલી
* ૪. 'સર્વથા સૌ સુખી થાઓ'
* ૫. પા પા પગલી (ભાલનળકાંઠા પ્રયોગમાં પ્રજા ઘડતરના પ્રસંગો)
* ૬. ગુરુ મહિમા
* ૭. ધર્મ શું કહે છે ?
* ૮. જૈન ધર્મની વિશેષતા
* ૯ માનવતા મહોરી ઊઠી (પ્રેરક પ્રસંગો)
* ૧૦ સાધુતાનું જીવનદર્શન (અંતિમ દર્શન)
* ૧૧. રામરાજ્યના સિદ્ધાંતો
* ૧૨. બ્રહ્મચર્યમાં માર્ગદર્શન
* ૧૩. સાધકના પ્રશ્નો
* ૧૪. ઉપવાસનું શાસ્ત્ર
* ૧૫. ન્યાયતંત્રની શુદ્ધિ
* ૧૬. ચમત્કાર શું છે !

૧૭. સ્ત્રી-પુરુષ મર્યાદા
૧૮. શ્રદ્ધાંજલિનાં પુષ્પો
૧૯ સંતબાલજીનું રામાયણ
૨૦. મારા સાથી- શ્રી ગુલામરસૂલ કુરેશી
૨૧. મારા સાથી- આચાર્ય જનકચંદ્રસૂરિ
૨૨. સમૂળી ક્રાંતિ અને સાધુ સંસ્થાઓ
૨૩. સંતબાલજી મહારાજના ચાતુર્માસ
૨૪. જપનો મહિમા

...ઓ છપાઈ ગયેલ છે.

... પ્રેરક સાહિત્ય આટલી

...ના.

...પિયા ત્રીસ

...સહિત)

ટાઈટલ : કુણાલ પ્રિન્ટર્સ • અમદાવાદ-૧. ફે.નં. ૨૩૧૪૫